# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૭૭ • તા.૩૦ સપ્ટેમ્બર થી ૦૬ ઓક્ટોબર ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.






## સમસ્ત મહાજન અને ભલારા દાદા ટ્રસ્ટના સઘન પ્રયત્નોને યશ મળ્યો :

# લાલપુરથી હાલાર સુધીના ડામરીકરણનો શુભારંભ

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**


નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા


**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# આદર્શ કુટુંબ વ્યવસ્થા કઈ સંયુક્ત કે વિભક્ત?

આજના મોર્ડન અને ઘડિયાળના કાંટે ભાગતી જિંદગીમાં વ્યસ્ત રહેતા કોમ્પ્યુટર જેવા માનવીઓને પોતાના માટે સમય મળતો નથી તો ઘરના મેમ્બરો માટે સમય ક્યાંથી કાઢી શકવાનો! નાના કુટુંબ મહાન કુટુંબ, આદર્શ કુટુંબ એવી પરિસ્થિતિ ચોફેરે થઈ ગઈ છે. તેમાં વળી મહાનગરમાં આસમાન અડતા ફ્લેટ, ઘરોના ભાવ, મોંઘવારીનો વધતો જ તો બેલગામ ગ્રાફ વધુને વધુ ભણી પતિ પત્ની બંન્ને જોબ પર જતા હોય. વર્ક લોડના ભારથી સતત સ્ટ્રેસ અનુભવતા હોય. ઓફિસમાં તો ઠીક ઘરમાં હોય તોય કલિગના ફોન, પાર્ટીઓના કોલ, ઈમેલ, બોસની ઈસ્ટ્રક્શન લગાતાર આવતા હોય ત્યારે બંન્નેનું અંગત જીવન પણ ડહોળાઈ જાય છે. કામનો તનાવ મન-મગજ પર પડે છે અને પછી સર્જાય મહાભારત. કમાવવાની પાછળ ભાગતા બંન્ને જણ સંતાન મોડે મોડે કન્વીન્સ કરે છે. એટલું જ નહીં હવે તો એવા યુગલોના કિસ્સા સામે આવે છે. જેઓ એક બીજાને સંમતિ આપી હોય છે DINOK ની એટલે કે ડબલ ઈન્કમનો કિડસ ડબલ કમાણીને સંતાનોની પળો જણ નહી. આવી વિચારધારા પ્રચલિત હોય ત્યારે સંયુક્ત કે વિભક્ત કુટુંબની વાત ક્યાં કરવી. આવા દંપતીઓ માટે એકાકી કુટુંબ જેવો શબ્દ પ્રચલિત કરવો જોઈએ.

આપણો દેશ પહેલાંથી કૌટુંબિક ભાવના, પ્રેમને આદર્શપણે માનીને ચાલનાર પરંપરા આગળ વધારનાર રાષ્ટ્ર છે. કુટુંબ વ્યવસ્થા ગમે તેટલી બદલાય, નવી નવી વ્યાખ્યા રચાય, પણ કેટલીક જૂની બાબતો વિશ્વના લોકોને હર હમેશ કામ આવતી રહેવાની છે. હિંદી ભાષાના કવિ રાજેશ જોશી એ એક કવિતામાં લખ્યું છે કે ‘નઈ નઈ મૂર્ખતાઓકે બાવજૂદ બચી રહેતી હૈ પુરાની સમજદારિયાં’ સંયુક્ત કુટુંબમાં ઉછરેલા સંતાનો સમય સંજોગવશ વિભક્ત થઈને પણ કુટુંબ વ્યવસ્થા સાથે જોડાયેલા રહે છે. વડીલોની આમન્યા, તેમનો આદર ભાવ કરે છે અને અલગ રહેતા હોવા છતાં કુટુંબ વ્યવસ્થાને માન આપે છે, પોતાના કુટુંબને ચાહે છે અને દરેક સભ્યો વચ્ચે સારી ભાવના કેળવાય તેવા પ્રયત્નો કરે છે.

કૌટુંબિક વ્યવસ્થામાં આવેલ ઘરમૂળથી પરિવર્તન સ્ત્રી શિક્ષણ વધવાથી અને બીજું વિકસતા જતા શહેરોમાં વધતી જતી વસતીથી ગગન ચૂંબતા ઘરોના દર. યુવક યુવતીઓ સહશિક્ષણ મેળવે છે. જેના કારણે છોકરીઓ સ્વતંત્ર વિચાર ધરાવતી થઈ છે. પોતાને લગતા નિર્ણયો લેવા માંડી છે. જેને વડીલો માન્ય કરતા થયાં છે. કુટુંબ સંસ્થામાં અગાઉ વડીલોના નિર્ણયો માન્ય કરતાં હતા. જેમાં હવે ભણેલા પુત્રો, પુત્રીઓ, શિક્ષિત પુત્રવધૂઓ કૌટુંબિક પ્રશ્નોમાં પોતાનો મત રજૂ કરવા મુક્ત હોતા વડીલોની એક હથ્થુ સતામાં પરિવર્તન આવ્યું. જે એક મહત્વનો સુધારો પરિવારીક જીવનમાં આવ્યો છે.

અત્યારે શિક્ષણનું વધેલું પ્રમાણ, શહેરીકરણ, ઔદ્યોગિકરણ તેમજ બદલાતી જતી જીવનશૈલીના નવા સંજોગોને કારણે પરંપરાગત સંયુક્ત કુટુંબ જીવનની કેટલીક લાક્ષણિતાઓમાં સમય અને સંજોગોનુસાર ઘરમૂળથી પરિવર્તન આવેલું છે. ઘરડા ગાડા વાળે એ સંયુક્ત પરિવારની તરફેણ, પોઝિટીવ બાજુ બતાવતી કહેણી છે. જેમાં બધું સમાઈ જાય છે, કહેવાઈ જાય છે.

– જય જ્ઞાતિમૈયા

# સંતાન માટે જરૂરી માની મમતા અને પિતાનો પ્રેમ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જ્ઞાનીઓએ કહ્યું છે કે ભગવાન સર્વત્ર પહોંચી શકતો નથી એટલે દરેક પરિવારમાં 'મા'ને મોકલી છે. પ્રભુ જીવનો સંસારમાં અવતરણ મા દ્વારા કરાવે છે. સૃષ્ટિનું સર્જન જ્યારે બનાવવાની શરૂઆત કરી ત્યારે સૌ પ્રથમ તેણે માતાનું સર્જન કર્યું હશે. પ્રેમ-સ્નેહ, ત્યાગ અને જતનનો પર્યાય મા માં સમાવેલો છે. વાત્સલ્યની જીવંત મૂર્તિ એટલે મા. મા જેવી દયાળુ, માયાળુ અને કૃપાળુ વ્યક્તિ દુનિયામાં કોઈ મળે એમ નથી.

સંતાન મા ના ઉદરમાં પાંગરતું હોય ત્યારથી માંડીને એ મોટું અને સમજણું થાય ત્યાં સુધી અનેક કષ્ટો વેઠનારી અને સંતાનની માવજત જતનપૂર્વક કરનારી માનું સર્જન જો ભગવાને કર્યું જ ન હોત, કે એમાં સેવા-ચાકરી-સમર્પણ ત્યાગના ગુણ એમાં ન નાખ્યા હોત તો આપણું શું થાત એવો વિચાર પ્રત્યેક ઉંમર લાયક સમજણા સંતાને કરવું જોઈએ. કોણ વહાલ કર્યું હોત, કોણ અબૂધ બાળની સંભાળ રાખી હોત. બે વેંતના પિંડની પરવરીશ કરીને કોણ બાર વેંતનો પુખ્ત પુરૂષ બનાવત.

કવિ બોટાદકરની સુપ્રસિદ્ધ કાવ્ય રચનામાં મા નો ગુણગાન આબાદ રીતે ગવાયો છે. જનનીની જોડ સખી નહીં જડે રે લોલ. ગંગાના નીરમાં વધઘટ થાય, ચંદ્રની કળામાં તિથિકાળ અનુસાર ક્ષીણ થાય પણ મા નો પ્રેમ એક ધારો, અવિરત વહેતો રહેવાનો જ છે. સંતાન ગમે તેટલો મોટો થાય પણ મા માટે એ બાળક જ રહેવાનો. મા માટે તેનું સંતાન કાળજાનો કટકો જ રહેવાનો. અમીર હોય કે ગરીબ મા તેને નિઃસ્વાર્થ વહાલ કરે છે. એક મા એ સો શિક્ષકની ગરજ સારે છે. સંતાન અંગથી અપૂર્ણ હોય, આદતથી મારગ ઉતરેલ હોય કે સ્વભાવમાં અનુકુળ ન હોય તો પણ માતાનો પ્રેમ તેના સંતાન માટે અઢળક, અનહદ હોવાનો પશુ-પક્ષી હોય કે મનુષ્ય જાતિમાં મા નો પ્રેમ હોય એના બચ્ચાં માટે અખૂટ હોય છે. જીવ જાનથી અદકેરો હોય છે.

માત પછી હવે વાત કરીએ તાતની. જન્મ માટે આધાર મા છે તો જીવનનો આધાર તાત છે, પિતા છે. જેટલું મહત્વ માનું છે તેટલું જ મહત્વ પિતાનું છે. મા જન્મ આપે છે જતન કરે છે તો પિતા જીવન જીવવા માટે ખભો આપે છે. જીવન પથ પર ચાલવા હાથ આપે છે. મા નો પ્રેમ પ્રગટ છે જ્યારે પિતાનો હેત અપ્રગટ છે. માતાનો પ્રેમ વાચાળ છે, બોલકો છે. જ્યારે પિતાનો પ્રેમ છૂપો છે, અવ્યક્ત છે, અદ્રશ્ય છે. સંતાનનું ભવિષ્ય ઉજ્જવળ થાય એ માટે સવારથી સાંજને રાત સુધી ઘરથી દૂર રહીને સખત શ્રમ, સતત કાળજી કરી પૈસા રળે છે, પરસેવો વહેડાવે છે કારણ કે પરિવાર ખુશહાલ રહે. દરેક સંતાનનો જીવનમાં એક સુપર હીરો હોય છે. જે તેના પિતા હોય છે. દરેક પિતા તેના સંતાનોને ખૂબ જ પ્રેમ કરે છે પણ માની જેમ જતાવી શકતા નથી. સંતાનોનું કાળજીપૂર્વક ઘડતર કરે છે. એ તેમના માટે જીવન ઘડવૈયો છે, તેનો માર્ગદર્શક છે. સારું ઉજવળ ભવિષ્ય મળે માટે પિતા પોતાનું વર્તમાન કાળુંમેશ કરે છે. સંતાનોને જીવનની કલા અને કુશળતા શીખવે છે. માતા પ્રેમનું સીંચન કરે છે તો પિતા જીવનની સંભાળ અને સંરક્ષણ કરે છે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

## સમસ્ત મહાજન અને ભલારા દાદા ટ્રસ્ટના સઘન પ્રયત્નોને યશ મળ્યો :

# લાલપરથી હાલાર સુધીના ડામરીકરણનો શુભારંભ



તા.૨૯ સપ્ટેમ્બર શુક્રવારના સવારે ભલારાદાદા મંદિર અને અતિથિ ગૃહ પરિસર પાસે લાલપુરથી હાલાર જતા રોડના ડામરીકરણના કામનું ભૂમિપૂજન ખાત મુહૂર્ત જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી મહિબેન્ન ખાચર, બાંધકામ સમિતિ ચેરમેન સમીરભાઈ જયેશભાઈ સગડે, રાજ્ય બાંધકામ વિભાગ અધિકારીઓ તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ પદાધિકારીઓ લાલપુર ગામના અગ્રણીઓ તેમજ રાજકીય આગેવાનો સંગે સ્થાનિક મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોની ઉપસ્થિતમાં ધાર્મિક વિધિ વિધાન, પૂજા સાથે કરાયું.

ભલારા દાદા મંદિર પરિસર નજીક ઊભા કરેલા શમિયાણામાં સમારોહની સભામાં અગ્રણીઓએ ઢાંઢર નદી પર થોડા સમય અગાઉ શરૂ કરાયેલ ફ્લાયર ઓવર પછી આ વિસ્તારના રસ્તાનું દોઢ કરોડની લાગત ખર્ચથી ડામરીકરણ કામથી અવરજવર કરતાં વાહનોને સુવિધા મળશે એવી આશા વ્યક્ત કરાઈ હતી. ભલારા દાદાના મંદિરે પધારતા સ્થાનિક તેમજ દેશ દેશાવરથી પધારતા ભાવિકજનોને હવે સરળતા થશે એવી લાગણી વ્યક્ત થઈ હતી.



# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

### Festival Celebration Bonanza 2023

19th September - 19th November 2023

"ZERO PROCESSING" Charges On Retail Loans Sanctioned & Disburse During Specified Period

| HOME LOAN | 2 WHEELER LOAN | CAR LOAN | eAUTO LOAN | GOLD LOAN |
|---|---|---|---|---|
| *7.99% (p.a.) | *7.99% (p.a.) | *7.99% (p.a.) | *7.99% (p.a.) | *7.99% (p.a.) |

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

| MORTGAGE LOAN | TRADE LOAN | COMMERCIAL VEHICLE LOAN | LOAN AGAINST PROPERTY | LOAN AGAINST INSURANCE POLICY |
|---|---|---|---|---|
| *7.99% (p.a.) | *8.49% (p.a.) | *9.49% (p.a.) | *9.49% (p.a.) | *7.75% (p.a.) |

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) | |
|---|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 | |
| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

www.arihantbank.com @ ArihantBank

# સંજીવની કેસ નં.૧૧૬ માટે રૂા.૨ લાખ જમા કરવાનો મેડિકલ સમિતિ સામે પડકાર




શ્રી સમસ્ત કદઓ જૈન મહાજનની મેડિકલ સમિતિ પાસે અણધારી આકસ્મિક બિમારી ગ્રસ્ત સાધારણ સ્થિતિના જ્ઞાતિ પરિવારોની મદદ માટે અરજી મળે છે. ઉદાર દિલ શ્રેષ્ઠી દાતાઓના સાથ સહકારથી ૧૧૫ જેટલી અરજીઓનો વેળાસર નિકાલ થઈ શક્યો છે. તાજેતરમાં સંજીવની અરજી નં.૧૧૬નો કેસ મેડિકલ સમિતિ સમક્ષ આવ્યો છે. ૫૫ વર્ષીય સુથરી-ડોંબિવલીના નીતિન ઉમરશી ધરમશી પીએનબી વેસ્ક્યુલોપથી પીડિત છે અને તેનો સામનો કરી રહ્યા છે. નોન હીલિંગ સ્ટમ્પ સાથે જમણા ઘૂંટણની નીચેનો ભાગ વિચ્છેદન બાદ અત્યારે તાત્કાલિક રીતે પેરિફેરલ એન્જીઓ પ્લાસ્ટી કરાવવી જરૂરી છે. લગાતાર એક વર્ષથી સારવાર ઈલાજના બીલનો બોજ ઉઠાવી રહ્યાં છે. સાથે પરિવારની મર્યાદિત આવકને લીધે આર્થિક સંકડામણથી ગ્રસ્ત છે. કુલ્લ ૬ થી ૭ લાખના ખર્ચમાં રૂા.૨ લાખની જરૂરિયાત સમાજ તરફથી મળે એ અરજી મેડિકલ સમિતિ સમક્ષ રજૂ કરી છે.

લાંબા સમયથી ધરમશી પરિવાર હોસ્પિટલની સારવારના ખર્ચ પૂરું કરવા ઝઝૂમી રહ્યો છે. ત્યારે તેમને હૂંફ ભર્યો હાથ અને આર્થિક સહયોગનો સાથ આપી મદદરૂપ થઈએ. દયા, કરૂણા, ઉદારતા અને માનવતા દ્વારા સેવાનો પરમ ધર્મ નિભાવીએ આજના સમયની તાતી જરૂરિયાત છે. સંજીવની કેસ માટે અપાતી સહાય રકમ ૮૦જી અંતર્ગત કર લાભ મેળવવા પાન કાર્ડ અને આધાર કાર્ડની કોપી સંગલગ્ન કરવી જરૂરી છે.

# રચના મહિલા મંડળનો વાર્ષિક કાર્યક્રમ ભવ્યતાથી સંપન્ન થયો



રચના મહિલા મંડળનો વાર્ષિક પ્રોગ્રામ તા.૨૩ સપ્ટેમ્બર શનિવારના રોજે મુલુંડના ગોપુરમ હોલ મધે આયોજિત કરાયો હતો. પ્રારંભે નવકાર મંત્ર પઠનથી શરૂઆત કરાઈ. ઉપસ્થિત સૌએ એકબીજાને ખમત ખમણા કર્યા ત્યારબાદ તપસ્વીનું બહુમાન કરાયેલ.

ત્યારબાદ પ્રોગ્રામમાં કચ્છી ઢોલના સથવારે દેશી કચ્છી રમતો જેવી કે મટુકડી, ધમાલ-તાંબડી રાસની સ્પર્ધા થઈ. બેસ્ટ ડ્રેસ સ્પર્ધા થઈ. પાંચ લક્કી ડ્રોના વિજેતાનું ચયન થયું. નિર્ણાયકો તરીકે શ્રીમતી દીપાબેન નાગડા તથા શ્રીમતી રેણુકાબેન લોડાયા ફરજ બજાવી હતી. નિર્ણાયક બહેનોનું ઢોલના તાલે સ્વાગત કરાયું. તેઓએ સરસ સાથ આપીને સૌને ખુશ કરી દીધા હતા. કુલ્લે ૬૦ મેમ્બરો ઉમળકાભેર કાર્યક્રમનો હિસ્સો બન્યા હતા. અંતમાં ઉપસ્થિત સૌએ અલ્પાહારની લહેજત લઈ હરખાતા મનથી છૂટા પડ્યાં હતાં.




**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| ¼ પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# કૃષ્ણા વિજય વિકમશીને હિંદી રાજભાષા પ્રતિયોગિતામાં પ્રથમ વિજેતા તરીકે પુરસ્કાર મળ્યો

યુનિયન ટેરીટરી સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવને પ્રશાસનના ઉપક્રમે હિંદી રાજભાષા વિભાગ દ્વારા આયોજિત હિંદી પખવાડા સમાપન અંતર્ગત મસૌદા લેખન, શ્રુત લેખન અને ટંકણ લેખન એટલે કે કાચા મુસદા લેખન, નિંબધ લેખન અને ટાયપીંગ પ્રક્રિયામાં કૃષ્ણા વિજય જૈન વિકમશીને પ્રથમ વિજેતા જાહેર કરી પોલીસ અધિક્ષક અમિત શર્માના હસ્તે સ્મૃતિ ચિન્હ આપી સન્માન કરાયું.

હિંદી ભાષા માટે સન્માન પ્રાપ્ત કરવા માટે કૃષ્ણા વિજય વિકમશીને હાર્દિક અભિનંદન.





# કૃષ્ણા મોમાયા ICFMUN 2023 અંતર્ગત યોજાયેલ ઈન્ટરનેશનલ ફોટોગ્રાફી સ્પર્ધામાં વિજેતા થયાં













મૂળ ગામ સાંયરા અને ઉર્મી સ્કૂલ વડોદરાની વિદ્યાર્થીની કૃષ્ણા અમિત મોમાયા ICFMUN 2023 અંતર્ગત યોજાયેલ ઈન્ટરનેશનલ ફોટોગ્રાફી સ્પર્ધામાં વિજેતા થઈ સ્મૃતિ ચિન્હથી સન્માનિત થઈ.

વિશેષમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શાળા વિદ્યાર્થીઓ માટેનો મેગા કાર્યક્રમ પરીક્ષા પે ચર્ચામાં ભાગ લેવાની તક કૃષ્ણા મોમાયાને મળી અને તેના મનોવિચાર વ્યક્ત કરવાની અને વડાપ્રધાન સાથે શેર કરવાની તક મળી. જે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફથી પ્રશંસા પત્ર પ્રાપ્ત થયો અને શુભેચ્છા મળી. ૧૫ વર્ષની નાની વયે પોતાની પ્રતિભાને બળે આ ગૌરવ પૂર્ણ બે સન્માન મેળવવા બદલ કૃષ્ણા મોમાયાને હૃદયપૂર્વક અભિનંદન.

# રાપરગઢવાળી નગરે નૂતન જિનાલયની પ્રતિષ્ઠાનો મંગળ દિન ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૪





ગુરુગુણસૂરિચરણરજ
આ. કલાપ્રભસાગરસૂરિ
વિ.સં. ૨૦૭૯ ભાદરવા સુદ ૯
શનિવાર તા. ૨૩।૯।૨૦૨૩

પ્રતિ, શ્રી રાપરગઢવાળી - નાની સિંધોડી ક.દ.શ્રી. જૈન સંઘ,
પ્રમુખ શ્રી, સમસ્ત સંઘ
તથા
સંપૂર્ણ સ્વદ્રવ્યે જિનાલય નિર્માણ કરનાર
માતુશ્રી તારાબેન માણેકજી મોતા - રાપરગઢવાળી
સમસ્ત પરિવાર
સપ્રેમ ધર્મલાભ !

પ્રગટ પ્રભાવી શ્રી ગોડીજી પાર્શ્વનાથ આદિ જિન પ્રભુજી
સહ કલાત્મક આકર્ષક દેવવિમાન તુલ્ય જિનાલય
: પ્રતિષ્ઠા શુભ મુહૂર્ત :
વિ.સં. ૨૦૮૦ મહાવદ-૧ શનિવાર તા. ૨૪।૨।૨૦૨૪

શ્રી ગોડીજી પાર્શ્વનાથ જિનાલય પ્રતિષ્ઠા અનેકોને સમ્યગ્દર્શન
... - વૃદ્ધિકારક બને એજ મંગલ શુભ કામના...
દ: આ. કલાપ્રભસાગરસૂરિના
સાદર ધર્મલાભ

શ્રી કદઓ જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ રાપરગઢવાળી-નાની સિંધોડી સંચાલિત શ્રી ગોડીયા પાર્શ્વનાથ જિનાલયના જૂના જિનાલયની બાજુમાં માતુશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા પરિવાર (કલ્પેશભાઈ મોતા-હિતેશભાઈ મોતા)ના સ્વદ્રવ્યે તથા જાત દેખરેખ હેઠળ નિર્માણધિન નૂતન જિનાલયની પ્રતિષ્ઠા સંવત ૨૦૮૦ મહાવદ એકમેને શનિવાર તા.૨૪ ફેબ્રુઆરી ૨૦૨૪ના શુભદિને થશે.

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની શુભનિશ્રામાં આ ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થશે. જેનું મુહૂર્ત પત્ર વડોદરાનગર મધ્યે અચલગચ્છાધિપતિ મ.સા.એ પ્રદાન કરેલ. જે માટે શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસરજી અને શ્રી કદઓ મહાજન ટ્રસ્ટ રાપર ગઢવાળી-નાની સિંધોડી દ્વારા રાજીપો વ્યક્ત કરાયો હતો.



# પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા લાઈફ સ્ટાઈલ ફેશન ફૂડ એક્ઝિબિશન કમ સેલ આરૂણ્ય-૨ એડિશનનું આયોજન

મહિલા શક્તિને દરેક ક્ષેત્રે પ્રોત્સાહિત કરતી જ્ઞાતિની પરબ શક્તિ સંજીવની સોસાયટી સખ્ય, સાથ અને સ્નેહ બંધનને મજબૂત કરવા લાઈફ સ્ટાઈલ ફેશન અને ફૂડનો એક્ઝિબિશન કમ સેલ નામે આરૂણ્ય-૨ એડિશન અંતર્ગત તા.૭ ઓક્ટોબર શનિવારે સવારે ૧૦ થી ૮ સુધી નારણજી શામજી મહાજનવાડી, ડૉ.બાબાસાહેબ આંબેડકર રોડ, માટુંગા (પૂર્વ) સે.રે. સ્થળે આયોજિત કરાયો છે. જેમાં વિવિધ પ્રકારના વસ્ત્રો, અલંકાર, સુશોભન વસ્તુઓ સાથે સાથે ખાણી પીણીની અઢળક વેરાઈટીઓ પસંદ કરવાની, માણવાની તક આ એક્ઝિબિશન દ્વારા મળશે.

પ્રવેશ નિ:શુલ્ક તથા વેલેટ પાર્કીંગ ઉપલબ્ધ છે. તો પધારો અને નવા રૂપ રંગ સાથે નિખારો જીવન શૈલીને.

---

# કદઓ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ નિર્મિત ભવનની બંન્ને લિફ્ટના મુખ્ય લાભાર્થી દક્ષિણ ભારત કેડીઓ એકમ પરિવાર

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ સંચાલિત શેઠ રાયચંદ ધરમશી ભવનની બંન્ને લિફ્ટના મુખ્ય લાભાર્થી તરીકે દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાલ જૈન એકમ તરીકે સહયોગી બન્યા છે. જે માટે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન લાભાર્થી પરિવારની અઢળક અનુમોદના કરેલ છે.

---

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**


# ચાર વર્ષીય જિનિયસ ચાઈલ્ડ ધનુજ એ આંખે પાટા બાંધી પિયાનો પર રાષ્ટ્રગીત વગાડી વિશ્વ રેકોર્ડ સર્જયો





માસ્ટર ધનુજ તેજલ સુંદર જે નરેશ જયચંદ નાગડા નલિયા કોપ્પલના દૌહિત્ર તેણે તા.૧૬ ઓગસ્ટના તેલગંણા રાજ્યના હૈદ્રાબાદમાં ૩ વર્ષ ૧૧ મહિના ૭ દિવસની ઉંમરે આંખે પાટાબાંધી ભારતનો રાષ્ટ્રગીત સફળતાપૂર્વક વગાડીને ૫ વર્ષ ૯ માસ અને ૧૧ દિવસના બાળકે વગાડી કરેલ રેકોર્ડને તોડી રેકોર્ડ સ્થાપ્યો છે અને ઈન્ટરનેશનલ બુક ઓફ રેકોર્ડસમાં એકસેલન્સમાં નામ નોંધાવ્યું છે. જિનિયસ ચાઈલ્ડ ધનુજ આ અગાઉ ૩ વર્ષ ૬ માસ અને ૨૮ દિવસની વયે ૩ મિનિટ ૩૦ સેકન્ડમાં ૧૯૫ દેશોના રાષ્ટ્રધ્વજને અટકયા વગર ઓળખી બતાવ્યાં હતાં.

આ અદ્‌ભૂત સિધ્ધિ પ્રાપ્ત કરવા બદલ ધનુજને અભિનંદન.





# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ક્રાઈમ પેટ્રોલ સિરીયલની કચ્છી અભિનેત્રી અને મૂળ નાના ભાડિયાની ડિન્સી વીરા બિદડાના તારામતી વેલનેસ સેન્ટરમાં વીસ દિવસ રહી કુદરતી ઉપચારનો લાભ લીધો. મુંબઈ ખાતે શુટિંગના કાર્યમાં સતત વ્યસ્તતામાં પોતાની માટે સમય નથી મળતો તેવું જણાવતાં ટીવી અભિનેત્રીએ મુંબઈના ભારે ભાગદોડ ભર્યા જીવનમાં જમવા, સૂવા કે વ્યાયામ સહિત માટે સમય કાઢવો ખૂબ અઘરો રહે છે. જેનાથી સુગર, હેડેક, વેટગેઈન સાથે સ્ટ્રેસ સહિતની તકલીફો સહન કરવી પડતી હતી એટલો તેઓ કુદરત સાથે સાચું જીવન જે આજના પેઢીમાં વિસરાઈ રહ્યું છે. તેની અનુભૂતિ અત્રે થઈ હોવાનું જણાવ્યું હતું. માત્ર આઠ દિવસ નિર્ધારિત કરી આવી હોવા છતાં કુદરતી વાતાવરણ જોઈ ૨૩ દિવસ વીતાવ્યા હોવાનું પણ કહ્યું હતું.

● અંજારના છ વર્ષીય પર્વ ઠક્કરના દેશભક્તિ ગીતોના આલ્બમ લવ યુ ભારતનું ગાંધીનગર ખાતે ગુજરાતના ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે લોકાપર્ણ થયું. આ આલ્બમ ગીતકાર-સંગીતકાર અને ગાયક ડૉ.કૃપેશ ઠક્કરના નેતૃત્વમાં તૈયાર થયું છે. જેમાં દસ વર્ષીય વાચા ઠક્કરએ પણ કંઠ આપ્યો છે. આ બંન્ને બાલ કલાકારોએ રાષ્ટ્રગીતને સૂરોમાં લયબધ્ધ રીતે ગાઈ નોટેશન સ્વરૂપે રજૂ કરી વિક્રમ સર્જયો છે.

● ભુજના ગ્લોબલ કચ્છ ફેડરેશને તાજેતરમાં ભુજના એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ડાયરેક્ટર સાથે બેઠક યોજીને ભુજના એરપોર્ટને આંતરરાષ્ટ્રીય દરજ્જો આપવા માટેની ક્ષમતા અને સજ્જતાની વિગતો મેળવી હતી. ભુજ એરપોર્ટ દિવસ રાત વિશાળ બોઈંગ વિમાનો ઊતરાણ માટે સજ્જ છે. કસ્ટમ ઈમિગ્રેશન વ્યવસ્થા થાય તો આંતરરાષ્ટ્રીય ફ્લાઈટો ઊતરી શકે છે. એરપોર્ટ ઓથોરિટીના ડાયરેક્ટર નવીનકુમાર સાગર પાસે સંસ્થાના પ્રતિનિધિ મંડળે ભુજ અને મુંબઈ વચ્ચેની કનેક્ટિવિટીના અભાવ બાબતે તેમજ આ એરપોર્ટને આંતરરાષ્ટ્રીય એરપોર્ટનો દરજ્જો મેળવવા સંદર્ભે ખૂટતી કડીઓની પૂર્તતા કરવા રજૂઆત કરાઈ હતી. ભૂજ એરપોર્ટ ૪૨.૦૮ એકર વિસ્તારમાં ફેલાયેલું છે.

● ઓરિસ્સાના બાલાસોરમાં સર્જાયેલા રેલ્વે અકસ્માતના ઘાયલોની સારવાર માટે ગુજરાતમાંથી પણ તબીબની ટીમ બોલાવાઈ હતી. જેમાં ગાંધીધામની એમ.એમ.હોસ્પિટલના જનરલ સર્જન ડૉ.કમલેશ થારવાનીને પણ બોલાવાયા હતા. ગુજરાતના ત્રણ તબીબે સતત કામગીરી કરીને સેંકડો લોકોની સારવાર કરી હતી અને અનેક શસ્ત્રક્રિયા પણ કરી હતી. ગાંધીધામના ધારાસભ્ય, માલતીબેન મહેશ્વરીએ તેમની કામગીરીને બિરદાવી હતી અને સેવાકાર્ય બદલ સન્માનિત કર્યા હતા.

● પ્રવાસન, લોક સંસ્કૃતિ અને વૈવિધ્ય સભર ભૌગોલિક ભૂપૃષ્ઠને લઈને સરહદી કચ્છ જિલ્લાએ ખૂબજ ખ્યાતિ રળી છે. જિલ્લાના કેટલાક ગામો મિષ્ટાન કે વિશિષ્ટ મીઠાઈઓ માટે પ્રખ્યાત છે. જેમકે ખાવડાનો મેસૂક, માનકૂવાની કુલ્ફી, આસંબિયા, મોથાળા, તેરાના પેંડા તો બન્નીનું ભીરંડિયારા માવા માટે જાણીતું છે. વિવિધ પ્રકારની મીઠાઈ માટે મોળા માવાનો ઉપયોગ થાય છે પરંતુ દૂધને ખાસ પ્રકારે ફોડીને ઉકાળ્યા પછી તૈયાર થતા કણીદાર મીઠા માવાની લહેજત માટે ભીરંડિયારા ગામ ટ્રેડમાર્ક બની ગયું છે. ૧ કિલો દૂધમાંથી ૨૦૦ ગ્રામ માવો તૈયાર થાય છે. અગાઉ માત્ર મીઠો માવો બનાવાતો હતો પણ હવે વધતી માંગને લઈને ડ્રાયફ્રૂટ માવાનું પણ ઉત્પાદન શરૂ કરાયું છે. જે અનેક ગણે સ્વાદિષ્ટ હોય છે. આ માવામાં ખાંડનું પ્રમાણ ઓછું અને બદામ, કાજુ, એલચી જેવા ડ્રાયફ્રુટનો ઉમેરો કર્યા પછી ટેસ્ટી બને છે.

● સમગ્ર જિલ્લાના દસ તાલુકામાં વિસ્તારની રીતે સૌથી મોટા એવા અબડાસા તાલુકામાં ૧૭૬ જેટલા ગામ છે. પરંતુ તાલુકા મથક એવા નલિયામાં આરોગ્યના લંગડાતી સેવાને કારણે લોકોને ખાસ કરીને ગરીબ વર્ગ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ચાર તબીબની જગ્યાએ માત્ર એક જ તબીબ સેવા આપી રહ્યાં છે. આ તબીબને પણ મિટીંગમાં અથવા રજા ઉપર જવાનું થાય ત્યારે આરોગ્ય કેન્દ્રમાં સારવાર મળતી નથી. જેને પગલે અંતરિયાળ ગામડામાંથી આવતા દર્દીને પરેશાનીનો સામનો કરવો પડે છે અને ના છૂટકે મોંઘા ભાડા ખર્ચી અન્યત્ર તાલુકામાં જવું પડે છે.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

80G સર્ટિફીકેટ

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# સમસ્ત મહાજનની B2B કમિટીના બિઝનેસ વોટસઅપ ગ્રુપ ફેસબુકમાં જોડાઈ વ્યાપારનો વ્યાપ વધારો

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના વ્યવસાયિકો આપેલ લિન્ક દ્વારા વોટસએપ ગ્રુપમાં જોડાઈ વ્યાપારનો પ્રસાર વધારો. આ વોટ્સએપ બિઝનેસ ગ્રુપનો ઉદ્દેશ જ્ઞાતિજનોના અરસ પરસ વ્યાપાર વિકસે અને મહતમ ખરીદી/વેચાણને પ્રથમ પસંદગી ફક્ત કેડીઓને મળે એ છે. ચાલો નાનાને પ્રોત્સાહન આપીએ તેને ઉપર લાવીએ. તેના વ્યાપારની પ્રગતિ કરીએ.

વોટસઍપ ગ્રુપમાં ૧૦૦૦ જેટલા સભ્યો જોડાયા છે. જ્યારે ફેસબુક ઉપર ૫૫૦૦ જેટલા સભ્યો છે.

**વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો**

**ફેસબુકમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો**


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA